# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Friday** **National News**

### આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

*******************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇટાલી આવેલા ફ્રાન્સ અને યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ તેમજ બ્રિટનના પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી છે.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હીમાં ખાસ બેઠક યોજીને જમ્મુ અને કાશ્મીરની સલામતીની પરિસ્થિતીની સમીક્ષા કરી છે.
- ✓ સર્વોચ્ચ અદાલતે નીટ પરીક્ષામાં કથિત ગેરરિતીઓ બાબતે સીબીઆઇ દ્વારા તપાસની માંગણી કરતી અરજીના આધારે કેન્દ્ર સરકાર અને NTAને પ્રતિભાવ આપવાનો નિર્દેશ આપ્યો.
- ✓ કુવૈતમાં થયેલી આગ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર 45 વ્યક્તિઓના પાર્થિવ શરીરો આજે કેરળના કોચીન વિમાનમથકે આવી પહોંચ્યા- ઉત્તરપ્રદેશના ત્રણ વ્યક્તિઓના પાર્થિવ દેહ આવતીકાલે ઉત્તરપ્રદેશ પહોંચશે...
- ✓ હિંદ મહાસાગર તટવર્તી દેશોના સંગઠનની બે દિવસ માટેની ક્રૂઝ ટુરિઝમ પરિષદનું આજે દિલ્હીમાં સમાપન થયું છે.
- ✓ અફઘાનિસ્તાને વેસ્ટ ઇન્ડિઝના ત્રિનિદાદમાં આજે રમાયેલી 20- 20 ઓવરની વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધામાં પાપુઆ ન્યૂ ગિનીને સાત વિકેટે પરાજય આપીને સ્પર્ધાના સુપર- 8 ગ્રુપમાં સ્થાન મેળવ્યું છે.

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV-PM-BILATERALS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇટાલીમાં યોજાઇ રહેલી જી-સાત બેઠકમાં ભાગ લેવા આવેલા ફ્રાન્સ અને યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ તેમજ બ્રિટનના પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી છે. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુએલ મેક્રોન સાથેની મંત્રણામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંરક્ષણ, અવકાશ સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારત અને ફ્રાન્સ વચ્ચેનો દ્વિપક્ષીય સહકાર વધુ મજબૂત કરવા પર ભાર મૂક્યો,..

બંને અગ્રણીઓ મેક ઇન ઇન્ડિયાને કેન્દ્રમાં રાખીને સંરક્ષણ ક્ષેત્રનો સહકાર વધારવા સંમત થયા હતા. શ્રી મોદી અને શ્રી મેક્રોને આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મહત્વના મુદ્દાઓ બાબતે ચર્ચા કરી હતી.

બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક સાથે દ્વિપક્ષીય મંત્રણા બાદ સોશિયલ મિડિયામાં પ્રધાનમંત્રી મોદીએ ભારત- બ્રિટન વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી એનડીએ સરકારની ત્રીજી મુદ્દતમાં વધુ આગળ લઇ જવાની પ્રતિબધ્ધતા દોહરાવી હતી.

ત્યારબાદ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેનસ્કી સાથેની વાતચીતમાં બંને અગ્રણીઓએ યુક્રેનની પરિસ્થિતીની સમીક્ષા કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અંગે વાતચીત દ્વારા ઉકેલ મેળવવા ભારતના પ્રયાસો ચાલુ રહેશે તેવી હૈયાધારણા આપી હતી.

## SHAH-J-K

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હીમાં ખાસ બેઠક યોજીને જમ્મુ અને કાશ્મીરની સલામતીની પરિસ્થિતીની સમીક્ષા કરી છે. આ

બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરની સલામતીની પરિસ્થિતી અને અમરનાથ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરવા 16મી જૂને સમીક્ષા બેઠક યોજવાનો નિર્દેશ આપ્યો છે. આ બેઠકમાં જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ, રાષ્ટ્રીય સલામતી સલાહકાર તેમજ ગૃહમંત્રાલય, પોલીસ, સેના અને કાશ્મીર વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ભાગ લેશે.

## SC-NEET

સર્વોચ્ચ અદાલતે NEET-UG પરીક્ષામાં કથિત રીતે પેપર ફૂટવું અને અન્ય ગેરરિતીઓ બાબતે સીબીઆઇ દ્વારા તપાસની માંગણી કરતી અરજીના આધારે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTA ને પ્રતિભાવ આપવા નિર્દેશ આપ્યો છે. ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બેંચે આ કેસમાં સીબીઆઇ અને બિહાર સરકારને પણ બે સપ્તાહમાં પ્રતિભાવ આપવાનો નિર્દેશ આપ્યો છે.

અદાલતે જાહેરહિતની અરજી અને અન્ય પડતર અરજીઓની સુનાવણી આગામી આઠમી જુલાઇએ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. દરમિયાન, NTA દ્વારા NEET-UG પરીક્ષાને લગતી અને વિવિધ વડી અદાલતોમાં દાખલ કરાયેલી અરજીઓને સર્વોચ્ચ અદાલતમાં ટ્રાન્સફર કરવા વિનંતી કરતી કરાયેલી અરજીના આધારે ખાનગી પક્ષકારોને નોટિસ જારી કરી છે.

દરમિયાન, કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર નીટ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના હિતનું રક્ષણ કરવા પ્રતિબધ્ધ છે. તેમણે વિદ્યાર્થીઓને ખાતરી આપતાં કહ્યું છે કે, પરીક્ષા

અંગેના દરેક મુદ્દાઓનો ઉકેલ સમાનતા અને ન્યાયિક રીતે કરાશે અને કોઇપણ વિદ્યાર્થીને અન્યાય થશે નહીં.

શ્રી પ્રધાને વધુમાં જણાવ્યું કે, સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ સરકાર દ્વારા વિદ્યાર્થીઓના કલ્યાણ માટે બધી જ જરૂરી કાર્યવાહી કરાશે. તેમણે એમ પણ કહ્યું કે, વિદ્યાર્થીઓ માટે મહત્વની નીટની કાઉન્સેલિંગ પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરાશે.

દરમિયાન, કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ નીટ પરીક્ષા વિવાદ અંગે કેન્દ્ર સરકારની ટીકા કરી છે. તેમણે આ પરીક્ષામાં ગુણ અને રેન્ક બાબતે મોટા પ્રમાણમાં ગેરરિતી આચરાઇ હોવાનો આક્ષેપ કર્યો છે.

# KUWAIT UPDATE

કુવૈતમાં થયેલી આગ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર 45 વ્યક્તિઓના પાર્થિવ શરીરો આજે કેરળના કોચીન વિમાનમથકે આવી પહોંચ્યા બાદ જરૂરી ઔપચારિકતાઓ વિમાનમથકે પૂર્ણ કરવામાં આવી હતી.. અમારા સંવાદદાતા જણાવે છે કે, મૃત્યુ પામનાર પૈકી 31 વ્યક્તિઓ કેરળ, તમિળનાડુ અને કર્ણાટકના વતની હતા.. પીડીતોના મૃતદેહોને રિસેપ્શન એરિયામાં મૂકવામાં આવ્યા પછી કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી કે.વી. સિંઘ, કેરળના મુખ્યમંત્રી પી. વિજયન અને તેમના મંત્રીમંડળના સાથીઓ તેમજ અન્ય મહાનુભાવોએ શ્રધ્ધાજંલિ આપી હતી. મૃત્યુ પામનાર પૈકી ઘણાંના સગાસંબંધીઓ પણ વિમાનમથકે આવ્યા હતા. દરેક મૃતદેહને અંતિમ સંસ્કાર માટે તેમના વતન લઇ જવાશે.

કેરળના મુખ્યમંત્રી પી. વિજયને કુવૈત આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓના મૃતદેહોને ઝડપથી ભારત લાવવા માટે કુવૈતના સત્તાવાળાઓ સાથે ઝડપી પ્રયાસ કરવા માટે કેન્દ્ર સરકારની કામગીરીની પ્રશંસા કરી છે. કોચીન વિમાનમથકે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી વિજયને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, કુવૈત સરકાર આગ દુર્ઘટનામાં મૃત્યુ પામનારના પરિવારને યોગ્ય વળતર માટે પગલાં લેશે.

દરમિયાન ઉત્તરપ્રદેશના રાહત કમિશ્નરે જણાવ્યું છે કે, કુવૈત આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલી ત્રણ વ્યક્તિઓના મૃતદેહોને સંબંધિતોના વતનમાં આવતીકાલે પહોંચાડાશે.

# INDIA IORA

હિંદ મહાસાગર તટવર્તી દેશોના સંગઠન- IORA ની બે દિવસ માટેની ક્રૂઝ ટુરિઝમ પરિષદનું આજે દિલ્હીમાં સમાપન થયું છે. આ પરિષદમાં IORAના સભ્ય દેશ- કેન્યા, બાંગ્લાદેશ, માલદીવ, માડાગાસ્કર, શ્રીલંકા, દક્ષિણ આફ્રિકા અને તાન્ઝાનિયાના પ્રતિનિધીઓ ભાગ લીધો હતો.

વિદેશ બાબતોના મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, આ પરિષદે IORA ના સભ્ય દેશોમાં ક્રૂઝ ટુરિઝમને પ્રોત્સાહન આપવા જરૂરી ચર્ચા વિચારણા માટે તક પૂરી પાડી હતી. આ પરિષદમાં ક્રૂઝ ટુરિઝમ માટે માળખાકીય સુવિધા વિકાસ, નિયમનકારી તંત્ર, રોજગારની નવી તકો સહિત વિવિધ મુદ્દાઓ અંગે સઘન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# T20 WORLD CUP CRICKET

અફઘાનિસ્તાને વેસ્ટ ઇન્ડિઝના ત્રિનિદાદમાં આજે રમાયેલી 20- 20 ઓવરની વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધામાં પાપુઆ ન્યૂ ગિનીને સાત વિકેટે પરાજય આપીને સ્પર્ધાના સુપર- 8 ગ્રુપમાં સ્થાન મેળવ્યું છે. શરૂઆતમાં બેટીંગ કરતાં ન્યૂ ગિનીની ટીમ વીસ ઓવરમાં 95 રન નોંધાવી શકી હતી. અફઘાનિસ્તાનના ફઝલહક ફારૂકીએ ત્રણ વિકેટો ઝડપી હતી. અફઘાનિસ્તાને 15.1 ઓવરમાં ત્રણ વિકેટો ગુમાવીને વિજય માટે જરૂરી રન નોંધાવતા અફઘાનિસ્તાનનો વિજય થયો હતો.

# EURO-CUP-2024

પ્રતિષ્ઠિત યુરો કપ ફૂટબોલ સ્પર્ધાનો આવતીકાલ 15મી જૂનથી જર્મનીમાં આરંભ થશે. આ સ્પર્ધા જર્મનીના આંતરરાષ્ટ્રીય કક્ષાના દસ સ્ટેડિયમમાં યોજાશે. સ્પર્ધાની પહેલી મેચમાં જર્મની અને સ્કોટલેન્ડ વચ્ચે ભારતીય સમય મુજબ, સાડા બાર વાગ્યાથી મુકાબલો થશે. આ સ્પર્ધામાં 24 ટીમો ભાગ લઇ રહી છે. જર્મની વર્ષ 2006માં વિશ્વકપ ફૂટબોલ સ્પર્ધા પછી પ્રથમવાર યુરો કપ ફૂટબોલ સ્પર્ધા જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધા યોજી રહ્યું છે.

# MAHA-NIA

રાષ્ટ્રીય તપાસ સંસ્થા- NIA એ માનવ તસ્કરી અને સાયબર કૌભાંડ કેસમાં સંડોવાયેલી મનાતી એક વ્યક્તિની મહારાષ્ટ્રના નાસિક ખાતેથી ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં નાસિકથી ધરપકડ કરાયેલ આરોપી માનવ તસ્કરીના ગુનામાં સીધો સંડાવાયેલો જણાયું છે.

તપાસ સંસ્થાના શોધ અભિયાનમાં ડિજીટલ ઉપકરણો, બેન્ક ખાતાઓ અને વાંધાજનક સામગ્રી મળી આવી છે. આ સાથે જ આ કેસમાં છેલ્લા ત્રણ સપ્તાહમાં NIA દ્વારા ધરપકડ કરાયેલ વ્યક્તિઓની સંખ્યા વધીને છ થઇ છે. આ અગાઉ, એકથી વધુ રાજ્યને સાંકળતા સંબંધિત કેસના સંદર્ભમાં NIAના અધિકારીઓએ સ્થાનિક પોલીસ સાથે મળીને ગત 27મી મેના રોજ કરેલી કાર્યવાહીમાં એક આરોપીની ધરપકડ કરી હતી,.

## LABOUR SEC. - EPFO

કેન્દ્રીય કર્મચારી ભવિષ્ય નિધી સંસ્થા- EPFO એ દાવાઓના ઝડપી નિકાલના ભાગરૂપે બીમારી, શિક્ષણ, લગ્ન અને ગૃહનિર્માણ હેતુથી એક લાખ રૂપિયા સુધીના એડવાન્સના ઓટો સેટલમેન્ટ પ્રક્રિયાને અમલમાં મૂકી છે.. કેન્દ્રીય શ્રમ સચિવ સુમિતા દાવરાના અધ્યક્ષપદે EPFO માં સુધારા અંગેની સમીક્ષા બેઠકમાં આ માહિતી આપવામાં આવી હતી.. આ બેઠકમાં જીવન અને વેપાર ક્ષેત્રે સુગમતા લાવવા નવી પહેલો અને સામાજીક સલામતીના વિસ્તરણની જરૂરિયાત ઉપર ભાર મૂકાયા હતો. આ બેઠકમાં કાનૂની પ્રક્રિયા વ્યવસ્થાપન અને ઓડિટ અંગેના સુધારાઓ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

EPFO ની યાદીમાં જણાવ્યું છે કે, અત્યાર સુધીમાં ઓટોમોડ પ્રક્રિયાથી અંદાજે 25 લાખથી વધુ દાવાઓનો નિકાલ કરાયો છે.. આ પૈકી 50 ટકાથી વધુ દાવાઓ બીમારીને લગતા હતા.

## EVE-SIKKIM-RELENTLESS-RAIN

સિક્કિમમાં છેલ્લાં કેટલાંક દિવસથી ભારે વરસાદને પગલે માલ મિલ્કતને મોટું નુકસાન થયું છે અને રોડ સંપર્ક, વીજ તેમજ અન્ન પુરવઠો તથા મોબાઈલ નેટવર્ક ખોરવાઈ ગયાં છે. પરિસ્થિતિની સમીક્ષા કરવા મુખ્યમંત્રી પ્રેમસિંઘ તમાંગે ગંગટોકમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

તીસ્તા નદીમાં જળ સપાટીમાં સતત વધારો થવાથી સંકલાંગ ખાતે નવ નિર્મિત બેઇલી પુલ અને જૂનો પુલ તૂટી પડ્યો છે. ઉત્તર સિક્કિમના ઝોંગુ સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. આને કારણે આશરે બે હજાર પ્રવાસીઓનો અટવાયા છે. એવી જ રીતે, વરસાદને લગતા બનાવોમાં સિક્કીમમાં છ વ્યક્તિનાં મૃત્યુ થયા છે.

# KEJRIWAL-BAIL

દિલ્હીની અદાલત કથિત એક્સાઇઝ કૌભાંડ કેસને લગતા મની લોન્ડરીંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન માંગતી અરજીની સુનાવણી 19મી જૂને હાથ ધરશે. અધિક સેશન્સ જજ મુકેશકુમારે એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા આ કેસમાં પ્રતિભાવ આપવા વધુ સમયની માંગણી કર્યા બાદ આ કેસની સુનાવણી 19મી જૂન સુધી મુલત્વી રાખી હતી.

એવી જ રીતે, મેડિકલ બોર્ડની કાર્યવાહીમાં પત્નીને વિડીયો માધ્યમથી જોડાવવા અંગે નિર્દેશ આપવા વિનંતી કરતી અરવિંદ કેજરીવાલની અરજીની સુનાવણી અદાલતે શનિવારે નિર્ધારિત કરી છે. ઉલ્લેખનીય છે કે, કેજરીવાલની આરોગ્યની સ્થિતી અને તેમની સારવાર અંગે નિર્ણય લેવા મેડિકલ બોર્ડની રચના કરવામાં આવી છે.